
ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**નિશિત વ્યાસ**
જનરલ સેક્રેટરી
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટી
મો. ૯૮૨૪૦ ૩૧૯૯૯



**પાર્થ વ્યાસ**
મો. ૯૯૦૪૬ ૧૭૩૨૩



**મીલનબેન અનિતકુમાર મહેતા**
મો. ૯૯૨૫૨ ૧૦૩૪૦



**લમ્હા એમ જાદવ**
મો. ૯૪૨૯૩ ૦૦૯૬૫



**વિશ્વા ભરતસિંહ બિહોલા**
મો. ૯૪૨૮૯ ૧૦૬૮૬

### હિન્દી ગુજરાતીના અધ્યેતા અને વિદ્વાન

# ડૉ. મહાવીરસિંહ ચૌહાણની આજે શ્રદ્ધાંજલિ સભા

## ગુર્જર ભારતી, કડી સર્વ વિશ્વવિદ્યાલય અને વાચિકમ્‌ના સંયુક્ત ઉપક્રમે સાંજે ૪ કલાકે બ્રહ્માણી કૃપા હૉલ, ફાર્મસી કૉલેજ બિલ્ડીંગ ખાતે આયોજન

ગાંધીનગર, તા. ૧૮

હિન્દી ગુજરાતીના અધ્યેતા અને વિદ્વાન ડૉ. મહાવીરસિંહ ચૌહાણની શ્રદ્ધાંજલિ સભા શનિવારે સાંજે ૪ કલાકે બ્રહ્માણી કૃપા હૉલ, ફાર્મસી કૉલેજ બિલ્ડીંગ ખાતે યોજવામાં આવી છે.

ગુર્જર ભારતીના મંત્રી આલોક ગુપ્તે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે સ્વ. ચૌહાણના બહુમુખી વ્યક્તિત્વ તથા સાહિત્યિક કાર્યોની સ્મૃતિમાં ગુર્જર ભારતી, કડી સર્વ વિશ્વવિદ્યાલય અને વાચિકમ્‌ના સંયુક્ત ઉપક્રમે આ શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઉપસ્થિત રહેવા સૌ ભાવકોને તેમણે અપીલ કરી છે.

ડૉ. ઈશ્વરસિંહ ચૌહાણે આ સર્જક વિશે માહિતી આપતાં જણાવ્યું છે કે, સ્વ. ચૌહાણ પાસે સાહિત્ય માટે એક સૂક્ષ્મ સૂલઝેલી વિવેચન દૃષ્ટિ હતી અને હતી જીવન માટે બધાને સ્નેહથી સાથે લઈને ચાલવાની વિચારશક્તિ. તેઓ સંપૂર્ણપણે જ્ઞાનને સમર્પિત એવા સાચા અધ્યાપક હતા. મૃત્યુને દિવસે પણ રાત્રીના ૧૧ વાગ્યા સુધી એમના હાથમાં પુસ્તક હતું. જીવનના ૮૦મા વર્ષે પણ તેમની જિજ્ઞાસા એક બાળક જેવી હતી અને એમને કૉમ્પ્યુટર શીખવાની તમન્ના હતી.

એમની પ્રારંભિક શિક્ષા-દિક્ષા ઉત્તર પ્રદેશના એક નાનકડા ગામ છેદીસિંહ કી પટ્ટી (પટિયા છેદીસીંહ)માં થઈ. નાનપણમાં જ પિતાનો સહારો છિનવાઈ ગયો હતો. માતાએ સંઘર્ષથી મોટા કર્યા. ડૉ. ચૌહાણે ગુજરાત વિશ્વવિદ્યાલયથી બીએ અને ઍમઍની ડિગ્રી પ્રાપ્ત કરી. મધ્યકાલીન સાહિત્યના પ્રસિદ્ધ વિદ્વાન પ્રૉ. મોહનવલ્લભ પંતના નિર્દેશનમાં 'દયારામ ઔર ઉનકી હિન્દી કવિતા' વિષયે પીઍચડી સંશોધન કાર્ય હાથ ધર્યું.

ડૉ. મહાવીરસિંહ મોરબી, પિલવાઈ કૉલેજમાં હિન્દીના પ્રસિદ્ધ અને વિદ્યાર્થી પ્રિય અધ્યાપક રહ્યા અને પછી ગુજરાત વિશ્વવિદ્યાલયના હિન્દી વિભાગ સાથે જોડાયેલા રહ્યા હતા. સરદાર પટેલ વિશ્વવિદ્યાલયમાં તેઓ તુલનાત્મક સાહિત્યના પ્રૉફેસર તરીકે જોડાયા. સાહિત્યક્ષેત્રે મોટું યોગદાન કરવાનો મોકો એમને ત્યાં મળ્યો. એ પછી તેઓ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે નિમાયા. અને વિશ્વવિદ્યાલયમાં ગોષ્ઠિઓ, સેમિનારો જ્ઞાનસત્રો ધમધમતાં થયાં. તેઓ ભારતીય જ્ઞાનપીઠ અને કેન્દ્રીય હિન્દી નિર્દેશાલય તથા હિન્દી સાહિત્ય અકાદમી, ગુજરાત રાજ્યમાં પણ સક્રિય સલાહકાર તરીકે રહ્યા. તેઓ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ અને ભારત સરકારના વસ્ત્ર મંત્રાલયની કેન્દ્રી હિન્દી કાર્યાન્વયન સમિતિના મનોનીત સદસ્ય પણ રહ્યા હતા.

સેવા નિવૃત્તિ પછી એમણે પોતાના કાર્યને ગતિશીલ રાખવા માટે ગાંધીનગરમાં પોતાના સમાન વિચારધારાવાળા મિત્રો અને વિદ્યાર્થીઓને સાથે લઈ હિન્દી-ગુજરાતી સાહિત્યને સેતુરૂપ 'ગુર્જર ભારતી' સાહિત્ય સંસ્થાની સ્થાપના કરી હતી અને ગાંધીનગરમાં વિવિધ વિષયોના સેમિનાર કરી સાહિત્ય સંસારમાં પોતાનું યોગદાન આપતા રહ્યા હતા.



ગાંધીનગર, તા. ૧૮

સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ અર્બન હૅલ્થ સૅન્ટરની આજે મુલાકાત લીધી હતી.

આરોગ્ય કેન્દ્રની કામગીરી તથા તેના દ્વારા જાહેર આરોગ્યની જાળવણી અંગેની કામગીરીનું પ્રત્યક્ષ નિદર્શન નિહાળવાના હેતુથી આ મુલાકાત વિદ્યાર્થીઓ દ્વારા લેવામાં આવી હતી. હૅલ્થ સૅન્ટરના સ્ટાફ દ્વારા બાળકોને આવકારી સૅન્ટરની તમામ સુવિધાઓ અને કામગીરી અંગે તેમને વિશદ્ માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ સાથે આચાર્ય નીલાબેન પરમાર, શાળાનો સ્ટાફ તથા ઍસટીપી વર્ગના પ્રફુલ્લાબેન પણ આ મુલાકાત પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

## યુનિ.ના પદવીદાન માટે ઓનલાઈન બાદ ઓફલાઈન ફોર્મ પણ સ્વીકારાશે

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ડિસેમ્બરના અંતમાં પદવીદાન સમારંભ યોજવાનું નક્કી કરાયું હતું. પદવી મેળવવા ઈચ્છતાં વિદ્યાર્થીઓને ઓનલાઈન અરજી કરવાની સૂચના આપવામાં આવી હતી. સમયમર્યાદા પુરી થઈ ત્યાંસુધીમાં માત્ર ૨૮ હજાર વિદ્યાર્થીઓએ જ ઓનલાઈન અરજી કરતાં હવે ફોર્મ ભરવાની મુદત વધારીને ૨૮મી ડિસેમ્બર કરવામાં આવી છે. ફોર્મ ભરવાની મુદત વધારવાના કારણે હવે પદવીદાન સમારંભ જાન્યુઆરી માસમાં યોજવો પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે.

સામાન્ય રીતે યુનિવર્સિટીનો પદવીદાન સમારંભ નવેમ્બર અને ડિસેમ્બર સુધીમાં યોજવામાં આવતો હોય છે. આ માટે પણ આ રીતે જ આયોજન કરવામાં આવ્યું હતું. જે વિદ્યાર્થીઓ પદવી મેળવવા ઈચ્છતાં હોય તેમને ઓનલાઈન અરજી કરવાની સૂચના આપવામાં આવી હતી. યુનિવર્સિટી માનતી હતી કે ઓનલાઈન અરજી કરવાની મુદત પુરી થાય ત્યાંસુધીમાં અંદાજે ૫૦ હજારથી વધારે વિદ્યાથીઓ ફોર્મ ભરશે. પરંતુ આ ગણતરી ખોટી પડી છે. હાલમાં અંદાજે ૨૬ હજાર જેટલા વિદ્યાથીઓએ જ ઓનલાઈન અરજી કરી છે. યુનિવર્સિટી સત્તાધીશો માને છે કે અસંખ્ય વિદ્યાથીઓ હજુ પદવી મેળવવા માટે અરજી કરી શકયા નથી. આવા વિદ્યાર્થીઓ માટે હવે ઓનલાઈન નહી પરંતુ ઓફલાઈનના ધોરણે અરજી કરવાની છૂટ આપવામાં આવી છે. આગામી તા.૨૮મી ડિસેમ્બર સુધી નિયત ફી ઉપરાંત ૫૦૦ રૂપિયા લેઈટ ફી સાથે વિદ્યાર્થીઓને ડિગ્રી ફોર્મ ભરવાની સૂચના આપવામાં આવી છે. ડિસેમ્બરના અંત સુધી ફોર્મ ભરવાના હોવાથી હવે પદવીદાન સમારંભ જાન્યુઆરીના બીજા સપ્તાહમાં થાય તેમ છે.ઓનલાઈન ફોર્મ ભરવામાં વિદ્યાર્થીઓની બેદરકારીના કારણે એક મહિનો મોડો પદવીદાન સમારંભ યોજાશે.

## ચિલોડાની સહજાનંદ સ્કૂલ ઑફ ઍચીવરના વિદ્યાર્થીઓ દ્વારા જરૂરિયાતમંદોને હૂંફ



સહજાનંદ સ્કૂલ ઑફ ઍચીવર, ચિલોડા દ્વારા મોનસૂન ફૅસ્ટીવલની ઉજવણીના ભાગરૂપે વિવિધ સ્ટોલ તૈયાર કરવામાં આવ્યા હતા. આ સ્ટોલના માધ્યમથી જે રકમ પ્રાપ્ત થઈ તેનો ઉપયોગ શિયાળામાં પડતી કાળઝાળ ઠંડીથી જે લોકો પોતાની પ્રાથમિક જરૂરિયાતથી વંચિત હોય તેમને ઠંડીથી રક્ષણ આપવા માટે કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ જરૂરિયાતમંદોના નિવાસસ્થાન સુધી જઈ તેમને બ્લૅન્કેટનું વિતરણ કર્યું હતું અને 'આપવાનો આનંદ' પ્રાપ્ત કર્યો હતો.

## પ્રેરણા વિદ્યાલયની ક્રિકેટ ટીમ ઝોન કક્ષાએ પસંદગી પામી



ગાંધીનગર, તા. ૧૮

સૅક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ઉપક્રમે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ગાંધીનગર દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની સ્વામી વિવેકાનંદ હિલ્ડશીલ્ડ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાના ગૌરવમાં વધારો કર્યો હતો. આ ટીમે ક્વાર્ટર ફાઈનલમાં હિલવૂડ સ્કૂલ સામે, સેમી ફાઈનલમાં માઉન્ટ કાર્મેલ સ્કૂલ સામે તથા ફાઈનલમાં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ સામે મુકાબલો કરી વિજય પ્રાપ્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે વિતેલાં બે વર્ષો દરમ્યાન પણ પ્રેરણા વિદ્યાલયની ક્રિકેટ ટીમ જિલ્લા ચૅમ્પિન રહી હતી.

આ વિજેતા ટીમ ઝોન કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે પસંદગી પામી છે. શાળાના ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા તથા આચાર્ય મનિષભાઈ ખત્રી દ્વારા વિજેતા ટીમના તમામ ખેલાડીઓને શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# વાચન એ વ્યક્તિના વિકાસની જડીબુટ્ટી છે




'મારા શિક્ષકે મને વાર્તા સંભળાવીને વાર્તાનો ચસ્કો લગાડ્યો અને પછી મને એવું શીખવ્યું કે આવી વાર્તાઓ વાંચવી હોય તો લાયબ્રેરીનાં પુસ્તકોમાં છે, વાંચો. આવી રીતે હું વાંચતો થયો.'

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ ખાતે ચાલી રહેલા વાચન સપ્તાહ અંતર્ગત શુક્રવારે વિદ્યાર્થીઓને સાહિત્યકારની રૂબરૂ કરાવવામાં આવ્યા હતા. ગાંધીનગરના રહેવાસી અને ખ્યાત લેખક, સાહિત્યકાર, કૉલમિસ્ટ ડૉ. રાઘવજી માધડે વિદ્યાર્થીઓ સાથે અને વિદ્યાર્થીઓએ એમની સાથે ખૂબ જ ખુલ્લા દિલે વાત કરી હતી.

ખૂબ જ હળવી અને પ્રવાહી શૈલીમાં ડૉ. રાઘવજી માધડે વિદ્યાર્થીઓ સાથે વાત કરી હતી, જે કારણે વિદ્યાર્થીઓનો રસ એમના વક્તવ્યમાં શરૂઆતથી અંત સુધી જળવાઈ રહ્યો હતો.

ડૉ. માધડે જણાવ્યું હતું, 'આજે વાચનનો લીલો દુષ્કાળ છે. સૌને ડિગ્રીરૂપી લાયસન્સ જોઈએ છે, પોતાને આવડે છે કે નહીં તે અગત્યનું નથી લાગતું, બસ ડિગ્રી જોઈએ છે.

અલબત્ત, આ માટે જવાબદાર તમે નથી. જવાબદાર અમે છીએ. તમારી આગળની પેઢી, વાલીઓ, શિક્ષકો - અમે સૌ જવાબદાર છીએ. અમે તમને એ ટેસ્ટ આપ્યો જ નથી,




એ બાબતથી અવગત કરાવ્યા જ નથી. શાળા-કૉલેજમાં શિક્ષકોએ તમને આઈઍમપી પ્રશ્નો આપ્યા, પણ સારું પુસ્તક નથી આપ્યું. એટલે આ બાબતમાં વાંક અમારો જ છે, તમારો જરાપણ વાંક નથી.

વાચનની યાત્રા મને ગામડાથી ગાંધીનગર સુધી લઈ આવી. પહેલાં હું સાંભળતો થયો, મારા કાનને મેં સક્ષમ કર્યા, પછી હું વાંચતો થયો, મારા જ્ઞાનને સક્ષમ કર્યું અને પછી લખવાનું શરૂ કર્યું, જેના કારણે આજે હું ઓળખાઉં છું.'

જેનું વાચન સારું હોય તેના વિચાર સારા હોય, જેના વિચાર સારા હોય તેની ગ્રહણશક્તિ સારી હોય, જેની ગ્રહણશક્તિ સારી હોય તેની અભિવ્યક્તિ સારી હોય અને જેની અભિવ્યક્તિ સારી હોય તેનો પોતાનાં કાર્યોમાં દેખાવ પણ સારો હોય. સરવાળે આવી વ્યક્તિ સમાજના કોઈપણ ક્ષેત્રમાં સફળતા પામે જ છે.

વાચન એ વ્યક્તિના વિકાસની જડીબુટ્ટી છે. સારાં પુસ્તકોનું વાચન વ્યક્તિના વિકાસને સારી દિશામાં લઈ જાય છે.

વાર્તા આપણને તેના પ્રવાહમાં ખેંચે છે અને એટલે એ આપણને ગમે છે. એમાં આવતાં પાત્રો સાથે આપણે આપણી જાતને કલ્પીને ચાલતા હોઈએ છીએ.

લેખક વાર્તા પૂરી કરે ત્યાંથી એ વાર્તા વાચકના મનમાં શરૂ થાય છે અને જો વાચકના મનમાં શરૂ ન થાય તો એ વાર્તા લાંબું જીવી ન શકે.'

પોતાના વક્તવ્યના સમર્થનમાં એમણે અંધ લેખક પિતા અને પુત્રીની સંવેદનશીલ અંગ્રેજી વાર્તા ઉપરાંત ઈશ્વર પેટલીકરની લોહીની સગાઈ પણ ચર્ચી હતી અને વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબો પણ આપ્યા હતા. વિદ્યાર્થીઓ તેમનાથી ખૂબ પ્રભાવિત થયા હતા. ડૉ. રાઘવજી માધડના વક્તવ્ય બાદ વિદ્યાર્થીઓએ કુંતલ નિમાવતની કથા-પટકથા પર આધારિત 'પુસ્તક પરબ' નાટકની ભજવણી પણ કરી હતી, જે ખૂબ અસરકારક રહી હતી. એ પછી વાચન સપ્તાહના વિતેલા દિવસો દરમ્યાન અભિવ્યક્તિની સ્પર્ધામાં વિજેતા નીવડેલા ચાર વિદ્યાર્થીઓ વચ્ચે અભિવ્યક્તિનો ફાઈનલ રાઉન્ડ યોજવામાં આવ્યો હતો, જેના નિર્ણાયક તરીકે પણ ડૉ. માધડ અને કુંતલ નિમાવતે પોતાની સેવાઓ આપી હતી. ચાર વિદ્યાર્થીઓ વચ્ચે યોજાયેલી આ ફાઈનલ સ્પર્ધામાં શ્રવણ, અંજલિ, જયવીર અને કોષાંગી અનુક્રમે વિજેતા જાહેર થયાં હતાં. કાર્યક્રમના પ્રારંભે પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું અને અંતે, ગ્રંથપાલ કે જેમણે આ સમગ્ર વાચન સપ્તાહનું સુંદર આયોજન કર્યું હતું, તે શ્રદ્ધાબેન વૈદ્ય દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું.

## મજા આવવાનાં કારણો મનનાં હોય છે

વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ દરમ્યાન ડૉ. રાઘવજી માધડના મુખેથી નીકળેલા અસરકારી શબ્દો :

- વાંચવું એ કોઈ જુદી પ્રક્રિયા નથી, એ શિક્ષણનો જ એક ભાગ છે.
- સર્ટીવાળો માલ આજે જથ્થાબંધ બહાર પડે છે, પણ બજારમાં વેચાતો નથી.
- ઓણુંકા વરસાદમાં બે ચીજ કોરીકટ, એક તો અમે ને બીજો અમારો વટ.... રમેશ પારેખ
- કાળજા કેરો કટકો મારો હાથથી છૂટી ગ્યો, જાન ગઈ મુજ જાન લઈ, હું તો સુનો માંડવડો
- કાને પડેલો એક શબ્દ પણ તમને છેક સારપ સુધી લઈ જાય છે.
- દીકરી એ પિતા માટે શ્વાસ અને વિશ્વાસ હોય છે.
- સાહિત્ય એ વર્તમાન સમયનું પ્રતિબિંબ હોય છે.
- બજારે જતાં જે સૂઝે એનું નામ સાંપ્રત, જેનો ઉલ્લેખ સાહિત્યમાં હોય તો સાહિત્ય સફળ થાય.
- છેલ્લાં ૧૦ વર્ષમાં દરેક ક્ષેત્રે જેટલો બદલાવ આવ્યો છે એટલો ૫૦ વર્ષમાં નથી આવ્યો.
- સમાજમાં બદલાવ આવે તે પ્રમાણે સાહિત્ય પણ બદલાય.
- લખવું એ એક ટેવ છે, કળા છે.
- ગાંધીનગર એ લખવા માટેનું સૌથી સારું વાતાવરણ પૂરું પાડે છે.
- ટેસ્ટ મુજબનું વાંચશો તો વાંચવાનો કંટાળો નહીં આવે.
- મજા આવવાનાં કારણો મનનાં હોય છે. મજા બજારમાં વેચાતી નથી મળતી અને મજાનું પ્રિપેઈડ બૅલેન્સ પણ નથી મળતું, એ તો અંદરથી આવે છે, રસથી આવે છે.
- આજની કોઈ મમ્મીને પોતાનાં સંતાનો માટે સાયન્સથી મોટું કંઈ ખપતું જ નથી.
- પરદેશમાં માણસ લેખક હોય તો એને બીજું કોઈ કામ કરવાની જરૂર નથી પડતી અને આપણા દેશમાં લેખક પણ નોકરી કરે તો જ લેખક તરીકે ટકી શકે છે.
- સમય ક્યારેય ઘટતો નથી, સમયને મૅનેજ કરવાનો હોય છે, બૅલેન્સ કરવાનો હોય છે.

**સ્પર્ધક વિદ્યાર્થીઓના મુખેથી પણ આવી જ સુંદર ઉક્તિઓ સાંભળવા મળી હતી :**

- સંજોગોના પહાડ પરથી ઈશ્વર તમને ધક્કો મારે ત્યારે વિશ્વાસ રાખજો કે એ તમને ઝીલી લેશે કાં તો ઊડતાં શીખવી દેશે.
- યુવાનો વ્યસનમાંથી અને યુવતિઓ ફૅશનમાંથી બહાર નીકળે તો સમાજનું ઘણું કલ્યાણ થાય.
- બાવળ ઉગાડી કેરીની અપેક્ષા રાખવી નકામી છે.
- કરેલું ક્યાંય એળે જતું નથી, કર ભલા હોગા ભલા.

## ઝવેરચંદ મેઘાણીના જીવન અંગેનું પુસ્તક અંગ્રેજીમાં

ગાંધીનગર, તા. ૧૮

મહાત્મા ગાંધીએ જેમને 'રાષ્ટ્રીય શાયર'ના ગૌરવભર્યા બિરૂદથી નવાજેલા એવા સમર્થ સાહિત્યકાર-સંશોધક, દેશભક્ત, સ્વતંત્રતાસેનાની અને સંનિષ્ઠ પત્રકાર ઝવેરચંદ મેઘાણીના જીવન અને કાર્યને આલેખતી અંગ્રેજી પરિચય પુસ્તિકા 'ઝવેરચંદ મેઘાણી - એ લિજેન્ડરી ગુજરાતી લિટરેચ્યર એન્ડ ફ્રિડમ ફાઈટર' પ્રગટ થઈ છે.




ઝવેરચંદ મેઘાણીનો જન્મ ચોટીલા સ્થિત પોલીસ લાઈનના ક્વાર્ટરમાં થયો હોવાથી ગુજરાત પોલીસ પરિવાર તેમનું લાઈન બૉય તરીકે વિશેષ ગૌરવ અનુભવે છે. આથી ગુજરાત પોલીસ-સુરક્ષા સેતુ સોસાયટીના સૌજન્યથી કચ્છ ખાતે આગામી તા. ૨૦ના રોજ યોજાનારી દેશભરના ડીજીપની કોન્ફરન્સમાં ઉપસ્થિત રહેનારા ઉચ્ચ પોલીસ અધિકારીઓને આ પુસ્તિકા સ્મૃતિરૂપે ભેટ આપવામાં આવશે.

આ માહિતીસભર અને રસપ્રદ પુસ્તિકાનું પ્રેરણાદાયી સંકલન ઝવેરચંદ મેઘાણીના પૌત્ર, ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક અને ઝવેરચંદમેઘાણી ડૉટ કૉમ વેબસાઈટના પ્રણેતા પિનાકી નાનકભાઈ મેઘાણીએ કર્યું છે. ઝવેરચંદ મેઘાણીની સ્મૃતિને જીવંત રાખવા અને એમનાં જીવન, કાર્ય અને સાહિત્યના પ્રચાર-પ્રસારની વિવિધલક્ષી પ્રવૃત્તિઓને વેગ આપવા તથા નવી પેઢીમાં દેશભક્તિની ભાવના અને જીવન મૂલ્યોનું સંસ્કાર સિંચન થાય તે માટે પિનાકી મેઘાણી સવિશેષ પ્રયત્નશીલ અને કાર્યરત છે.

૨૮ ઑગષ્ટ, ૧૮૯૬ના રોજ ચોટીલા ખાતે જન્મથી શરૂ કરીને ૯ માર્ચ, ૧૯૪૭ના રોજ બોટાદ ખાતે નિધન સુધી ઝવેરચંદ મેઘાણીના જીવનની મહત્ત્વની ઘટનાઓનું સવિસ્તાર આલેખન આ પુસ્તિકામાં થયું છે. મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ અને કવિવિર રવિન્દ્રનાથ ટાગોર સાથે ઝવેરચંદ મેઘાણીનાં સંભારણાંનો એમાં ખાસ ઉલ્લેખ કરાયો છે. 'છેલ્લો કટોરો', 'કોઈનો લાડકવાયો', 'છેલ્લી પ્રાર્થના' જેવાં પ્રેરક કાવ્યોની રચના પાછળની રોચક કથાનું નિરૂપણ પણ એમાં કરવામાં આવ્યું છે.

રવીન્દ્રનાથ ટાગોરના નિમંત્રણથી ૧૯૪૧માં શાંતિનિકેતન ખાતે ઝવેરચંદ મેઘાણીએ લોકસાહિત્ય વિશે અંગ્રજીમાં આપેલ વ્યાખ્યાનોમાંથી કેટલાક અંશો, ઝવેરચંદ મેઘાણીની જ કલમે, આસ્વાદરૂપે આ પુસ્તિકામાં ખાસ સામેલ કરાયા છે.

ગુજરાતના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી પી સી ઠાકુર, અધિક પોલીસ મહાનિદેશક (ઈન્ટેલિજન્સ) પ્રમોદ કુમાર, સુરક્ષા સેતુ સોસાયટી, ગુજરાત રાજયના સભ્ય સચિવ અને પોલીસ મહાનિરીક્ષક (કાયદો અને વ્યવસ્થા) મનોજ અગ્રવાલ તથા સમસ્ત ગુજરાત પોલીસ પરિવારનો સવિશેષ લાગણીભર્યો સહયોગ આ પુસ્તક માટે પ્રાપ્ત થયો છે.